## યે જો હૈ, કમ સે કમ...
## યે કહેં, કી જાને દે!

"યુ આર ફુલ્લ ઑફ યોર સેલ્ફ. સબ કુછ તુમ્હારે બારે મેં હૈ. તુમ્હારા ખાના, તુમ્હારા ડ્રાઇવર, તુમ્હારી એક્સ, તુમ્હારા ગાના... તુમ્હારે શૌક! તુમ્હારે પાસ વક્ત કહાં હે કિસી ઔર કે લિયે?" જયા શશીધરન કહે છે. એ યોગી નામના એક માણસને ડેટિંગની વેબસાઇટ પર મળી છે. બંને એકબીજાંની નજીક આવે છે અને એકબીજાંના ભૂતકાળને ખોદવાની રમતમાં એકબીજાંને હર્ટ કરી બેસે છે. જયાને લાગે છે કે, યોગી પોતાના સિવાય કોઈના વિશે વિચારી શકતો જ નથી. પોતાના ગમા-અણગમા અને પોતાના ભૂતકાળ વિશે ખૂલીને વાત કરતો યોગી જયા કરતાં સાવ જુદો છે. એ પૈસા વાપરતાં અચકાતો નથી, અપેક્ષાઓ રાખતો નથી. મહોરાં પહેરતો નથી અને છતાં કાળજી કરે છે... સામે જયા છે, યુવાન ઉંમરે પતિ ગુમાવી બેઠેલી. એના જીવનનો એકમાત્ર પુરુષ એનો નાનો ભાઈ છે! જયા પોતાના એક્સ બૉયફ્રેન્ડને મળવા જવાની છે ત્યારે ઉશ્કેરાટમાં અને ગુસ્સામાં કહે છે, "તારી પાસે કોઈ બીજા માટે વિચારવાની જગ્યા જ નથી. તું સ્વકેન્દ્રી છે" ને ત્યારે અત્યંત શાંત ચિત્તે યોગી એને પૂછે છે, "તુમ્હારે પાસ હૈ? વક્ત? કિસી કે લિયે?"

મૃત્યુ પામેલા પતિનો ફોટો અને એનું નામ પાસવર્ડ તરીકે વાપરતી જયા વેબસાઇટ ડેટિંગમાંથી યોગીને મળે છે... પરંતુ એની સાથે જોડાઈ શકતી નથી. એ પોતાના ભૂતકાળમાંથી નીકળી જ શકતી નથી... યોગી મુક્ત છે, ફ્રી સ્પિરિટ! એ પોતાના ભૂતકાળ વિશે ઇમોશનલ થયા વગર વાત કરી શકે છે... એની ભૂતકાળની પ્રેમિકાને સાવ સહજતાથી મળી શકે

છે. જ્યારે જયા મૃત પતિમાંથી મુક્ત થઈ શકતી નથી અને પોતાના ભૂતકાળના બૉયફ્રેન્ડની વાત એટલા માટે કરે છે કારણ કે, એ યોગીને કાઉન્ટર કરવા માગે છે.

આ કથા છે ફિલ્મ 'કરીબ કરીબ સિંગલ'ની! તનુજા ચંદ્રાનું સ્ક્રીનપ્લે અને દિગ્દર્શન આ કથાને રસાળ બનાવે છે. તનુજા ચંદ્રા થોડી જુદી તરાહની, છતાં કમર્શિયલ ફિલ્મો લખવા માટે અને દિગ્દર્શક તરીકે જાણીતા છે. અક્ષયકુમાર, પ્રીતિ ઝિન્ટાની 'સંઘર્ષ', કાજોલની 'દુશ્મન' અને શાહરૂખ-કરિશ્મા-માધુરીની 'દિલ તો પાગલ હૈ' તનુજા ચંદ્રાએ આપેલા વિષયો છે! ફરી એક વાર એમના પોતાના દિગ્દર્શન અને લેખનમાં રજૂ થયેલી ફિલ્મ 'કરીબ કરીબ સિંગલ' બે એવી વ્યક્તિઓની વાત છે જે જિંદગીના એવા પડાવ પર 'સિંગલ' અથવા 'એકલી' છે, જેને પ્રેમ થવાની સંભાવના પૂરી થઈ ગઈ છે અને છતાં કમ્પેનિયનશિપની ઝંખના હજી જીવે છે!

આજના સમાજમાં આવા ઘણા લોકોને આપણે ઓળખીએ છીએ. જેમણે ડિવૉર્સ લીધા છે, લગ્ન નથી કર્યાં અથવા કોઈ કારણસર એ હવે 'સિંગલ' છે. ટ્રેડિશનલી-પરંપરાગત રીતે જીવનસાથી શોધવાનો એમનો સમય કદાચ વીતી ગયો છે, છતાં મન, શરીર, બુદ્ધિ અને સંવેદના કોઈ એવો સાથી ઝંખે છે જેની સાથે સાંજ પડે એક છત નીચે ભેગાં થઈ શકાય, એક પલંગમાં સૂઈ શકાય, એક ટેબલ પર જમી શકાય, લડી શકાય, ઝઘડી શકાય, હસી-રડી શકાય અને સૌથી અગત્યનું, વાતો કરી શકાય! આપણે બધાં એકલવાયા સમાજમાં પ્રવેશવા લાગ્યાં છીએ. સૌને પોતપોતાની ચિંતા છે. હવે પતિ અને પત્નીનું અલગ ભવિષ્ય છે, એમની ભિન્ન અસલામતીઓ છે કારણ કે એમની પાસે ભિન્ન કારકિર્દી અને અલગ અલગ સપનાં છે. ક્યારેક એવું બને છે કે બહારના લોકો સાથે હરીફાઈ કરતાં કરતાં પતિ-પત્ની એકબીજાં સાથે હરીફાઈ કરવા લાગે છે... પ્રેમી અને પ્રેમિકા, બે દોસ્તો, પિતા અને પુત્ર કે મા-દીકરી ક્યારે સંબંધ ભૂલીને સામસામે આવી જાય એ સમજાતું જ નથી આજના સમયમાં!

'ક્વિન', 'કિ ઍન્ડ કા' અને 'કરીબ કરીબ સિંગલ' એવી અલગ વાર્તાઓ સાથે લખાયેલી ફિલ્મો. સ્ત્રી-પુરુષના અલગ પ્રકારના સંબંધની વાત કરે છે. હિન્દી સિનેમામાં હવે આવી વાર્તાઓ લખાવા અને ફિલ્મ સ્વરૂપે રજૂ થવા લાગી છે એ વાતનો સાચે જ આનંદ થવો જોઈએ. પતિનું કહ્યું માનતી, પ્રેમીને પોતાનાથી દૂર કરવા માટે બેવફા હોવાનું નાટક કરતી કે માતા-પિતાના વચનને ખાતર બલિદાન આપી દેતી હિરોઇનની કથાઓ હવે હિન્દી સિનેમામાં કોઈને જોવી નથી. આજની સ્ત્રી જરા જુદી રીતે વિચારે છે, એટલે જ ઑડિયન્સ પણ જુદી રીતે વિચારતી

સ્ત્રીને જોવા ઝંખે છે! હજી હમણાં જ રજૂ થયેલી ફિલ્મ 'લવની ભવાઈ'માં માંડ ૨૦-૨૨ની આર.જે. અંતરા એના બૉયફ્રેન્ડને કહે છે, "કેમ? મેં બિલ આપી દીધું તો શું પ્રોબ્લેમ છે? મેઇલ ઈગો ઍન્ડ ઓલ... હં?" એ જ અંતરા પહેલીવાર શરાબ પીને બેહોશ થઈ ગયેલા પોતાના દોસ્તને પોતાના રૂમમાં લાવીને સુવડાવે છે, અને એનાથી થોડે દૂર સોફા ઉપર નિરાંતે સૂઈ જાય છે! ટૂંકમાં, ગુજરાતી ફિલ્મની હિરોઈન પણ બદલાઈ રહી હોય ત્યારે હિન્દી સિનેમાની હિરોઈન તો જુદી હોવી જ જોઈએ, ખરું ને?

સ્ત્રી-પુરુષના સંબંધો સમય, ઉંમર, ક્લાસ, માનસિકતા, ઉછેર અને શિક્ષણ સાથે બદલાતા રહે છે. એક ભણેલીગણેલી કમાતી છોકરી જે રીતે એના બૉયફ્રેન્ડ કે પતિ વિશે વિચારે છે એ રીતે એક અંડર ગ્રેજ્યુએટ મિડલ ક્લાસ પરિવારમાં ઊછરેલી છોકરી નથી વિચારી શકતી. એક ૧૮ વર્ષની છોકરી કે ૨૦-૨૨નો છોકરો જે રીતે વિચારે એ રીતે એક ૩૫ની સ્ત્રી કે ૪૫નો પુરુષ નથી વિચારી શકતો. આના કારણમાં ઊતરીએ તો સમજાય કે સમય સાથે આપણી જરૂરિયાતો બદલાઈ છે. શરીર, આકર્ષણ, સેક્સ અને સુંદરતાનું મહત્ત્વ જે ઉંમરે હોય છે એ પછીની ઉંમરના પડાવમાં સમજણ, બુદ્ધિ, દોસ્તી અને શૅરિંગનું મહત્ત્વ વધે છે... એક ઉંમરે પુરુષના બૅન્ક બૅલેન્સનું મહત્ત્વ હોય છે, સમય જતાં એ ભુલાઈ જાય છે અને પુરુષની સમજદારી, ઋજુતા અને કાળજીનું મહત્ત્વ વધે છે... ખાસ કરીને આપણા દેશમાં આપણે વાતો કે કમ્યુનિકેશન વિશે ક્યારેય સજાગ નથી. પતિ-પત્ની વચ્ચે કમ્યુનિકેશન હોવું જોઈએ, પ્રેમીઓ વચ્ચે વાતો થવી જોઈએ એવો વિચાર માતા-પિતા પોતાના સંતાનને આપતાં જ નથી, આપી શકતાં નથી કારણ કે એમણે પણ પોતાના જીવનસાથી સાથે કે બૉયફ્રેન્ડ, ગર્લફ્રેન્ડ (જો હોય તો) સાથે વાતો કરી જ નથી.

સિંગલ હોવું એ ફેસબુકનું સ્ટેટસ નથી કે વ્હોટ્સઍપ પર પોતાના એકલા હોવાની જાહેરાત નથી... 'સિંગલ' હોવાનો અર્થ છે, સંબંધ માટે ઓપન હોવું. કોઈ વ્યક્તિને ઓળખવા, જાણવા, એની સાથે જોડાવા માટે તૈયારી બતાવવી પણ એનો અર્થ એવો નથી કે એ જ્યાં દેખાય ત્યાં લંગસિયા નાખવા મંડે! કેટલાક લોકો મરજીથી સિંગલ હોય છે – એમને એમના ટેસ્ટની, એમને ગમતી કે એમની કલ્પનાની વ્યક્તિ ન મળી માટે! કેટલાક લોકો ઇમોશનલી સિંગલ હોય છે કારણ કે, એમને મળેલી વ્યક્તિ કોઈક કારણસર છૂટી ગઈ અને પછી એમને એટલી અદ્ભુત વ્યક્તિ બીજી મળી જ નહીં માટે! દરેક સિંગલ વ્યક્તિ ભૂખી ડાંસ થઈને સાથી શોધી રહી હોય, એવું હોતું નથી! આપણે બધા જ ડિવોર્સી, વિધવા, વિધુર કે મોટી ઉંમર સુધી નહીં પરણેલા લોકોને કોઈક કારણસર દયાથી જોઈએ છીએ, ક્યારેક એવા લોકો આપણા જીવનમાં અસલામતી પણ

લઈ આવે છે. સિંગલ બહેનપણી કે કઝિન મારા પતિ પર નજર નાખશે... કે સિંગલ દોસ્ત અથવા કઝિન ભાઈ, પડોશી મારી પત્નીમાં રસ લેતો થઈ જશે આવા ભય આપણને સતાવે છે. આપણે સિંગલ લોકોથી આપણા જીવનસાથીને દૂર રાખવાનો પ્રયત્ન કરીએ છીએ...

જે સિંગલ છે અથવા જેમણે એકલા રહેવાનું પસંદ કર્યું છે એવી વ્યક્તિઓ કદાચ કમ્યુનિકેશન, દોસ્તી કે સાથી ઝંખે તો પણ એમને એમનો ભૂતકાળ, એમની માન્યતાઓ અને લાંબા સમય સુધી એકલા રહ્યા પછી ગોઠવાઈ ગયેલી એમની જિંદગીની સમસ્યાઓ નડે જ છે. અચાનક કોઈ પોતાની જિંદગીમાં દાખલ થઈ જાય અને એ પોતાના ઇમોશન્સનો કે પોતાના સમય અને નિર્ણયોનો કબજો લઈ લે એ વાત ઘણા સમય સુધી સિંગલ રહેલી વ્યક્તિને અનુકૂળ ન આવે એમ પણ બને.

લગ્ન નહીં કરવાની, ડિવૉર્સ લીધા પછી કે પ્રણયસંબંધ તૂટ્યા પછી એકલા રહેવાની, વિધવા કે વિધુર થયા પછી ફરી લગ્ન નહીં કરવાની માનસિકતા ધરાવતા લોકો મોટે ભાગે પોતાની જિંદગી સાથે અનુકૂલન સાધી ચૂક્યા હોય છે. એમનું રૂટીન ગોઠવાયેલું હોય છે અને એમની સગવડો પણ એમણે ગોઠવી જ લીધી હોય છે...

મહત્ત્વની વાત એ છે કે, એમને જ્યારે કોઈ વ્યક્તિ મળે ત્યારે એ વ્યક્તિ સાથે સંબંધ બાંધતાં પહેલાં એમણે પોતાની જાત સાથે સંઘર્ષમાંથી પસાર થવું પડે છે. દરવાજો ખોલતાં પહેલાંને બીજી વ્યક્તિને ભીતર આવવા દેતાં પહેલાં એમણે અનેક માનસિક સમસ્યાઓમાંથી પસાર થવું પડે છે. એમની જરૂરિયાત અને હાલની અનુકૂળ થઈ ગયેલી પરિસ્થિતિ વચ્ચે ઘર્ષણ થાય છે, હા અને ના વચ્ચે ઘમસાણ યુદ્ધ થાય છે. કેટલાક લોકો આ બધી પરિસ્થિતિ પછી પણ મનપસંદ કે ગમતી વ્યક્તિ સાથે જોડાય છે. મોડે મોડે પણ લગ્ન કરવાનું કે સાથે રહેવાનું નક્કી કરી શકે છે. જ્યારે કેટલાક લોકો આ સંઘર્ષની બહાર નીકળી શકતા નથી... ગમતી વ્યક્તિ મળી હોવા છતાં, એ વ્યક્તિને પોતે ગમતા હોવા છતાં અંતે એકલા રહેવાનું પસંદ કરે છે.

તનુજા ચંદ્રાની આ કથા, 'કરીબ કરીબ સિંગલ' આજના યુગની વર્કિંગ વુમન અને મોટી ઉંમર સુધી સિંગલ રહી ગયેલા પુરુષની એવી પ્રેમકથા છે જેમાં પ્રેમ છે છતાં નથી. જેમાં ઝંખના છે છતાં ઝઝૂમવાની એક વિચિત્ર માનસિકતા છે. બંને જણાં એકબીજાં સાથે જોડાય છે છતાં રહી જાય છે, 'કરીબ કરીબ સિંગલ'.

# તૂ જો બોલે 'ના'... તો ના!

"હું એક ૪૨ વર્ષની સ્ત્રી છું. સેક્સમાંથી મારો રસ ઊડી ગયો છે, પરંતુ મારા પતિ મારી અનિચ્છા છતાં મારી સાથે સંબંધ બાંધે છે... હું એમને ના પાડું તો એ સાંભળતા નથી અને ડર બતાવે છે કે એ બહાર જતા થઈ જશે..." સવારના પહોરમાં ઇ-મેઇલ ઉપર એક સ્ત્રીએ રેકૉર્ડ કરીને આ સવાલ મોકલ્યો છે. આ સવાલનો જવાબ શું હોઈ શકે એની ચર્ચા પછી કરીએ કારણ કે આ સવાલ-જવાબની, પ્રશ્નોત્તરીની કૉલમ નથી. રોજના લગભગ ૫૦થી વધુ અંગત સવાલો પૂછતા ઇ-મેઇલ મારા ઇ-મેઇલ અકાઉન્ટ પર આવે છે. સામાન્યતઃ મારો જવાબ અંગત સવાલોને ટાળી દેવાનો હોય છે. આપણને ખબર નથી હોતી કે પુછાયેલા સવાલમાં કેટલું સત્ય છે. આપણને એ પણ ખબર હોતી નથી કે જે વ્યક્તિ આ સવાલ પૂછી રહી છે એનો ઉદ્દેશ શું છે...

લગભગ દરેક અખબારમાં, પૂર્તિમાં, ગુજરાતી-અંગ્રેજીમાં વાચકોના સવાલ અને કોઈક સમજદાર, હોશિયાર, એક્સ્પર્ટ કે વિષયનિષ્ણાતના જવાબની કૉલમ આપણે વાંચતાં રહીએ છીએ... લવગુરુ, આર.જે. પણ સવાલના જવાબ આપતા હોય છે. નવાઈની વાત એ છે કે જે લોકો પત્ર લખીને અંગત સવાલ પૂછતાં અચકાતાં નથી એ લોકો કોઈ સાઇકોલૉજિસ્ટ, સેક્સોલૉજિસ્ટ કે મૅરેજ કાઉન્સેલર પાસે જતાં અચકાય છે. પૂર્તિમાં કે રેડિયો પર જવાબ આપનાર વ્યક્તિ દરેક વખતે સમજદાર, ક્વૉલિફાઇડ કે જવાબ આપવાની અધિકારી હોય એવું જરૂરી નથી હોતું. પ્રશ્ન પૂછનારને પોતાના સવાલનો જવાબ મળે કે ના મળે એના કરતાં વધારે પોતાની અંદર જે ચાલી રહ્યું છે એ એણે કોઈકને કહી દીધાનું, ભીતરથી બહાર કાઢી નાખ્યાનું સુખ હોય છે!

શ્રીદેવી અભિનિત ફિલ્મ 'ઇંગ્લિશ-વિંગ્લિશ'માં એક ઇટાલિયન મિત્રની સામે શ્રીદેવી હિન્દીમાં બળાપો કાઢે છે. તો બીજી તરફ, 'જિંદગી ના મિલેગી દોબારા'માં એક સ્પેનિશ છોકરીની સામે ફરહાન અખ્તર પોતાના મનની વાત હિન્દીમાં કહે છે... આપણે બધા કોઈકને કશુંક કહેવા માંગતા હોઈએ છીએ. મનમાં ચાલી રહેલો, ગૂંગળાઈ રહેલો, ગૂંચવી નાખતો કે ગૂંગળાવી નાખતો ધુમાડો બહાર કાઢી નાખવાની જરૂરિયાત આપણા સૌ માટે એકસરખી છે. આમાં સ્ત્રી-પુરુષનો નાનકડો ભેદ છે. જેન્ડર બાયસ વગર વિચારીએ અને જો આપણી આસપાસના જગતને ધ્યાન ઑબ્ઝર્વ કરીએ તો સમજાય કે સ્ત્રીઓ જેટલી સહજતાથી પોતાના મનમાં ચાલતી ગૂંચવણને અભિવ્યક્ત કરે છે, પૂછે છે, રજૂ કરે છે કે શૅર કરે છે એટલી સહજતાથી પુરુષ પોતાના મનની વાત કહી શકતો નથી. માલિશ કરવા આવતી કે શાક વેચવા આવતી સ્ત્રી, શાક ખરીદનાર કે માલિશ કરાવતી પોતાની શેઠાણી સામે કે આવી શેઠાણી પોતાની માલિશ કરવા આવતી બાઈ કે ઘરકામ કરતી સ્ત્રી સામે સાવ સહજતાથી પોતાની વાત કહી દે છે. સ્ત્રીઓમાં આ સહજતા એમના હેલ્ધી હાર્ટ અને લાંબી ઉંમરનું કારણ છે. પોતાની વાત પોતાના મનમાં દબાવી રાખતા, શૅર નહીં કરતા, છુપાવતા અને મનોમન ગૂંગળાતા, ગૂંચવાતા પુરુષો વધુ પ્રમાણમાં ડાયાબિટીસ અને બ્લડપ્રેશર, હાર્ટ અટૅક અને ડિપ્રેશનના શિકાર બને છે. છેલ્લા ઘણા સમયથી ૮ માર્ચે વુમન એમ્પાવરમેન્ટના કાર્યક્રમો થાય છે. જાતજાતના વક્તાઓને બોલાવવામાં આવે છે. સ્ત્રીઓને જાતભાતની ટિપ્સ આપવામાં આવે છે. ડોમેસ્ટિક વાયોલન્સ ન સહેવું જોઈએ એ વિષયની જાહેરાતો હવે ટેલિવિઝન કાર્યક્રમમાં પણ દેખાડવામાં આવે છે...

પરંતુ બેડરૂમમાં થતા આવા બળાત્કાર વિશે કોઈ ભાગ્યે જ વાત કરે છે. વાત કરવામાં આવે તો પણ એ વિશે કશું જ કરી શકવા માટે કાયદો કે સમાજ શક્તિમાન નથી! આપણા સમાજમાં સ્ત્રીને સાચવવાની, વહેંચવાની, માલિકીની કે વેચવાની વસ્તુ તરીકે જોવામાં આવે છે. કેટલાંય વર્ષો પહેલાં ભારતીય સભ્યતામાં એક રાજાને અનેક રાણી હોઈ શકે, પરંતુ દ્રૌપદી સિવાય એકથી વધુ પુરુષને પરણેલી સ્ત્રીઓની કથા આપણને મળતી નથી. કૃષ્ણની ઇચ્છા અને આશીર્વાદ હોવા છતાં ભરસભામાં 'વેશ્યા' કહીને એનું અપમાન કરનાર કર્ણ છે જ! દુર્યોધનની મહાશક્તિ સામે, અહંકાર કે એના આવા વર્તન સામે કદાચ કોઈ અવાજ ન ઉઠાવી શક્યું... પરંતુ એ વખતે 'વૉક-આઉટ' કરી જનારો એક ભાયડો મહાભારતને ન મળ્યો. વન ઍન્ડ ઑલ, ત્યાં બેસી રહ્યા એવું લખીને વેદવ્યાસ શું પ્રસ્થાપિત કરવા માગતા હશે?

ભારતીય જનસમાજમાં પરણીને આવેલી પત્નીની પોતાના પતિની ઇચ્છાપૂર્તિ કરવાની સમજણ, શિક્ષણ અને ફરજ છે. સ્ત્રીનું શરીર પુરુષના મનોરંજન,

ઉપભોગથી શરૂ કરીને એના કુળને વધારવા માટે છે એવું એને શીખવવામાં આવે છે. લગ્નનાં થોડાંક જ વર્ષો સુધી જો બાળક ન થાય તો પરિવારના લોકો સ્ત્રી તરફ પ્રશ્નાર્થ નજરે જોવા લાગે છે... બીજી તરફ, જો પુરુષ પોતાની પત્નીને સંતોષી ન શકે તો એ વિશે કંઈ બોલવું, કહેવું કે એવી માગણી કરવી એ 'બેશરમી' ગણવામાં આવે છે. સ્ત્રી એવું ન કહી શકે કે એને સંતોષ નથી મળતો તો એ બહાર જશે... એ એવું પણ ન કહી શકે કે પતિ બાળક નથી આપતો તો એ બીજાં લગ્ન કરશે! પતિ આવું કહી શકે!

૪૦-૪૨ની ઉંમર પછી સ્ત્રીના શરીરમાં અમુક પ્રકારના હોર્મોનનો બદલાવ શરૂ થાય છે જેને મૅનોપૉઝ કહેવામાં આવે છે. જેમ રજસ્રાવ શરૂ થવાની ઉંમર હોય એમ રજસ્રાવ પૂરો થવાની, સમેટાવાની પણ એક ઉંમર હોય છે. પહેલાં જેમ રજસ્રાવ મોડો શરૂ થતો અને હવે આઠમા-નવમા ધોરણમાં ભણતી છોકરી મેન્સ્ટ્રુએશન સાઇકલમાં દાખલ થઈ જાય છે એવી જ રીતે સ્ટ્રેસ, ફેટી ફૂડ, વાતાવરણની અસર જેવાં ઘણાં કારણોસર મૅનોપૉઝ વહેલો શરૂ થાય છે. આવા સમયમાં ક્યારેક સ્ત્રીને શારીરિક સંબંધથી અભાવ, એના શરીરમાં ડ્રાયનેસ અને હોટ ફ્લેશીસ જેવા સવાલો શરૂ થાય છે. જે પત્નીએ આખી જિંદગી સંતોષ આપ્યો, એના ગમા-અણગમા પ્રગટ કર્યા વગર પતિની ઇચ્છા પૂરી કરી, સંતાનોને જન્મ આપ્યો એ સ્ત્રીને જ્યારે શારીરિક સંબંધથી અભાવ આવે ત્યારે એની સંવેદના અને લાગણીઓની કદર કરવી એ પતિ કે પુરુષની ફરજ નથી? આપણા સમાજમાં, મનોરંજનની દુનિયાથી શરૂ કરીને નવલકથાઓ, કવિતાઓ અને રોજિંદી જિંદગીમાં પણ લગ્નને શારીરિક સંબંધ માણવાના લાઇસન્સ તરીકે જોવામાં આવે છે. લગ્નના દિવસના આનંદ કરતાં 'સુહાગરાત'નું મહત્ત્વ આપણે ત્યાં વધુ જોવા મળે છે. શારીરિક સંબંધ શરૂ થાય એ રાત્રિ મધુર હશે જ... હોય જ, પરંતુ એથીયે વધુ મહત્ત્વ હવે પછીના દિવસો જે પતિ-પત્ની સાથે વિતાવવાના છે એ બાબતનું હોવું જોઈએ એવું નથી લાગતું?

લગ્ન પછી બે શરીરો જોડાય એ સ્વાભાવિક છે કારણ કે અહીંથી ગૃહસ્થાશ્રમનું પ્રસ્થાન થાય છે. સંતાનોનો જન્મ અને પરિવારનું પ્લાનિંગ થાય છે... અનેક પરિવારો મળીને સમાજ બને છે, પરંતુ એથીયે વધુ મહત્ત્વ બે મનના મિલનનું – બે વ્યક્તિના વિચારો, બે વ્યક્તિની સમજણ, ગમા-અણગમા અને એ સાથે જોડાયેલી આગળ ઉપર જીવવા માટેની જિંદગીના પ્લાનિંગનું હોવું જોઈએ એવું આપણે કેમ સમજતા નથી? કેમ સમજાવી શકતા નથી?

સ્ત્રીનું શરીર અટપટી રચના છે. સ્ત્રી પોતે પણ પોતાના શરીરને સમજી શકતી નથી, પરંતુ એ જ્યારે સંભોગ માટે તૈયાર થાય ત્યારે પુરુષનું એના શરીરમાં

પ્રવેશવું સરળ બને એવી રચના કુદરતે જ કરી છે. જેમ પુરુષને ઉત્થાન ન થાય એમ સ્ત્રી પણ સંભોગના સમયે પુરુષને પોતાના શરીરમાં પ્રવેશવાની સરળતા કરી આપી શકતી નથી. પરાણે કરવામાં આવેલો આ સંભોગ સ્ત્રી માટે શારીરિક અને માનસિક બંને રીતે અત્યંત પેઇનફુલ - દર્દનાક હોય છે. સ્ત્રીને જ્યારે શરીરસંબંધની ઇચ્છા ન હોય, એ જ્યારે આવા કોઈ નાનકડા અવઢવ, અસમંજસ, અણગમા કે અસુખની પ્રક્રિયામાંથી પસાર થતી હોય ત્યારે એ કદાચ મોઢે ના ન પાડી શકે તો પણ એની સાથે રાત-દિવસ જીવતા પતિને એના રિસ્પોન્સ પરથી, એના પ્રતિભાવ પરથી, એનો અણગમો કે અસુખ ન સમજાય એ કેટલી નવાઈની અને દુઃખદ બાબત છે!

'જો બીવી સે કરતે પ્યાર, વો પ્રેસ્ટીજ સે કૈસે કરે ઇન્કાર?' જેવી જાહેરાતો આપણને કશું ખરીદવા લલચાવી શકે તો ડોમેસ્ટિક વાયોલન્સની જેમ ડોમેસ્ટિક રેપ... બેડરૂમમાં થતા બળાત્કાર વિશે પણ ખૂલીને વાત થવી જોઈએ એવું નથી લાગતું? જે પુરુષ પત્નીને સાચે જ પ્રેમ કરતો હોય એ એની ઇચ્છા-અનિચ્છા જાણ્યા વગર પોતાની ઇચ્છા એના ઉપર થોપી દે એને બદલે માતા-પિતા પોતાના દીકરાને સ્ત્રીનું શરીર, એની રચના, એની ઇચ્છા-અનિચ્છા અને એને જાણવાની રીત વિશે મર્યાદામાં રહીને, પરંતુ ખૂલીને વાત કરે એને સંસ્કારનો વારસો ન કહી શકાય?

   

## પ્રગટાવવું અને સળગાવવું...
## અગ્નિ બેઉમાં છે!

"તમારા હસબન્ડને આજે સીસીડીમાં એક છોકરી સાથે જોયા. છોકરી સોલિડ દેખાતી'તી એટલે મને થયું કે તમને કહેવું જોઈએ... આમાં શું છે કે ગામ આખું જાણે પણ ઘરનાંને ખબર પડે ને ત્યાં સુધીમાં તો લંકા સળગી ગઈ હોય!" એક જ બિલ્ડિંગમાં રહેતાં એક પાડોશી બહેને બીજાં પાડોશી બહેનને 'સહાનુભૂતિ' અને 'ફરજ'ના ભાગરૂપે આ સમાચાર આપ્યા... જેમને સમાચાર મળ્યા એમની દુનિયા હચમચી ગઈ. એમણે પતિને પૂછ્યું, પતિએ વાત ઉડાવી, એમની શંકા વધુ મજબૂત થઈ. બહેને મોબાઇલ ચેક કરવા માંડ્યા. પતિના આવવા-જવાના સમયની ખબર રાખવા માંડી. એમના પ્રશ્નોથી ચિડાયેલા પતિએ વધુ બેફામ જવાબ આપવા માંડ્યા... બહેન વધુ ને વધુ શંકાશીલ થવા માંડ્યાં, ભાઈ વધુ ને વધુ અકળાવા લાગ્યા... એવામાં એમના જ બિલ્ડિંગમાં રહેતાં એક બીજાં બહેને પૅસેજમાં ચાલી રહેલો ઝઘડો અને કકળાટ સાંભળ્યો. બપોરના સમયે જઈને એમણે પૂછ્યું ત્યારે હકીકત જણાવતાં પીડિત પત્ની રડી પડી... જે બહેન પૂછવા આવ્યાં હતાં એમણે કહ્યું, "લડવા-ઝઘડવા કે કકળાટ કરવાથી તો નહીં હોય ત્યાંય લફરું થશે. પૂરું જાણ્યા-તપાસ્યા વગર માત્ર કોઈની વાત સાંભળીને તમે આ ઝઘડો કરો છો? એમણે તમને કોઈ દિવસ તકલીફ આપી છે? કોઈ દિવસ હાથ ઉપાડ્યો છે? ઘરમાં વાપરવાના પૈસા નથી આપ્યા? છોકરાંઓનું ધ્યાન નથી રાખતા?" બધા સવાલોના જવાબો પૉઝિટિવ હતા, એટલે એ બહેને કહ્યું, "શંકાની ઊધઈ ભલભલા સંબંધને ખતમ કરી નાખે છે બહેન. તમારી પોતાની

જિંદગીમાં, તમારા સુખમાં જાતે જ આગ લગાડો છો? કોઈ ચાંપે એટલે આપણું જ સુખ સળગાવાય?"

આ સાંભળીને બહેનને પોતાની ભૂલ સમજાઈ. બંને પાડોશી! બંને સાથે સારો સંબંધ છતાં એકે સળગાવ્યું ને બીજાએ પ્રગટાવ્યું. સામાન્ય રીતે આપણે બીજાની વાત સાંભળીને આપણા નિર્ણયો કરી લેતા હોઈએ છીએ. પૂરી તપાસ કરવી આપણને જરૂરી નથી લાગતી. કેટલીક વાર તપાસ કરવાની આવડત કે અક્કલ પણ નથી હોતી આપણામાં. કોઈ આવીને આપણને જરાક આડીતેડી માહિતી આપે કે તરત આપણી ભીતરની અસલામતી આળસ મરડે છે. આવું ખાસ કરીને, સંબંધોની બાબતમાં જ થાય છે. એ પણ, અંગત અને મહત્ત્વના સંબંધોની બાબત. ખરેખર તો ઊંધું હોવું જોઈએ. અંગત સંબંધની બાબતમાં આપણી સલામતી અને આત્મવિશ્વાસ સૌથી વધારે હોવો જોઈએ. જે વ્યક્તિ સાથે આપણે રાત-દિવસ રહીએ છીએ, જે વ્યક્તિને આપણે નખશિખ ઓળખીએ છીએ... પતિ-પત્ની, સંતાન, માતા-પિતા કે ભાઈ-બહેન... ગર્લફ્રેન્ડ, બૉયફ્રેન્ડ કે નજીકનો મિત્ર... આ બધાની બાબતમાં નાનકડી અફવા, કાને સાંભળેલી નાનકડી વાત આપણા 'નજરે જોવાના' લૉજિકને ભૂંસી-ફાડી-ડૂચો કરીને ફેંકી દે છે. આપણને એટલું પણ નથી સમજાતું કે સામેવાળી વ્યક્તિ, જે ફરિયાદ કરી રહી છે, સળગાવી રહી છે કે આપણને માહિતી આપી રહી છે તે એણે એક વાર જોયેલા દશ્યની માહિતી છે. આ ફક્ત કો-ઇન્સિડન્સ - સંયોગ હોઈ શકે. આપણને લાગે છે કે જગત આખું, ખાસ કરીને આપણા પ્રિયજન, નજીકના લોકો આપણને છેતરવા તૈયાર બેઠા છે. પતિ કે સંતાન ઉપર સૌથી વધુ વિશ્વાસ હોવો જોઈએ, એને બદલે આપણને પાડોશી પર વધુ વિશ્વાસ છે. કેટલી મોટી બદનસીબી કહેવાય!

કોઈ આપણને એમ કહે કે, શૅરના ભાવ ગગડવાના છે ત્યારે આપણે એનું માનીને શૅર વેચી નાખતા નથી, તપાસ કરીએ છીએ... અરે! ભૂલા પડ્યા હોઈએ તો રસ્તો પણ બે વાર પૂછીએ છીએ! ડૉક્ટરના ઓપિનિયનને બીજા ડૉક્ટરના અભિપ્રાય સાથે સરખાવીને રિકન્ફર્મ કરીએ છીએ... એટલું જ નહીં, કોઈ આપણને કહે કે, તમે જે પહેર્યું છે તે સારું નથી લાગતું તો આપણે અરીસામાં જોઈને જાતને સધિયારો આપી દઈએ છીએ... પ્રોપર્ટી ખરીદતાં પહેલાં, ઇન્વેસ્ટમેન્ટ કરતાં પહેલાં, મેડિકલ ટ્રીટમેન્ટ શરૂ કરતાં પહેલાં કે કોઈ રસ્તે જતાં પહેલાં જો આપણે આટલી બધી તપાસ કરતા હોઈએ તો આપણી જિંદગીની સૌથી મહત્ત્વની બાબતે આપણે શા માટે આટલા આંધળા, બેધ્યાન અને વલ્નરેબલ હોઈએ છીએ?

એક સાદી અને સમજાય તેવી વાત એ છે કે, જે કોઈ વ્યક્તિ આપણને આવી

માહિતી આપે છે એ એના મનથી, એના વિચારમાં કદાચ આપણું ભલું ઇચ્છે છે અથવા એ આપણને 'સાવધાન' કરવા ઇચ્છે છે. આવી રહેલી મુસીબત સામે આપણને જગાડવા કે આપણી લાગણીના પ્રદેશમાં વાવાઝોડું ન ફૂંકાય એ માટે કદાચ એ આપણી મદદ કરવા ઇચ્છતા હોય એમ પણ બને. આપણને જેના પર સૌથી વધારે વિશ્વાસ છે, આપણે જેના પર મનથી આધારિત છીએ એ વ્યક્તિ આપણી સાથે કંઈ ખોટું કરતી હોય તો આપણને જણાવવાની પોતાની 'ફરજ' માનીને એ વ્યક્તિ કદાચ આપણને કંઈ કહેતી હોય તો એ ખોટી છે કે એનો ઇરાદો ખોટો છે એવું માનવાની જરૂર નથી. જરૂરી એ છે કે, એણે જે માહિતી આપી છે એને પૂરી ચકાસવાનો પ્રયાસ કરવો. આપણને આપણા પ્રિય વ્યક્તિ વિરુદ્ધ માહિતી આપનાર દરેક વ્યક્તિનો ઇરાદો સારો કે ભલાઈનો ન હોય એમ પણ બને. ઘણાં લોકો વિઘ્નસંતોષી હોય છે. સારી રીતે ચાલતી જિંદગીમાં પથરો મારીને એમને એક વિચિત્ર જાતની મજા આવતી હોય છે. એથીય આગળ વધીને કદાચ એવું પણ હોય કે એ આપણને જે માહિતી આપી રહ્યા છે તે એમના પૉઇન્ટ ઑફ વ્યૂથી જોઈને આપી રહ્યા છે. એ જે માને છે તે માહિતી છે આ... એમણે જે જોયું તે માની લેવું જરૂરી નથી કારણ કે તમે નથી જોયું... તમે પણ જોયું હોય તો એ સાચું છે એવું માની લેવાનું કોઈ કારણ નથી. તમારી પાસે અગત્યનું એ છે કે તમારે કોઈ પણ માહિતીની ખરાઈ ચકાસવી પડે. જે જોયું છે તેની આગળ અને પાછળ પણ એક સત્ય હોય છે. માહિતી આપનારે કદાચ એ આગળ-પાછળનું સત્ય ન જોયું હોય એવું ન બને? આપણે માટે વધુ મહત્ત્વનું શું છે એ આપણે જ નક્કી કરવું પડે.

બીજી તરફ આપણી પાસે કોઈ આવી માહિતી હોય. બહેનપણીનો પતિ, દોસ્તની પત્ની, પાડોશીનું સંતાન કે મિત્રનો દીકરો-દીકરી... આપણે એમને કોઈક એવી પરિસ્થિતિમાં જોયા હોય જે પરિસ્થિતિ બહુ હિતાવહ કે માફ કરવા જેવી, ઇગ્નોર કરવા જેવી ન પણ હોય પણ એનો અર્થ એ નથી કે ત્યાંથી જ ફોન કરીને, એ જ વખતે એક્સાઇટમેન્ટ સાથે... બૂમાબૂમ કરીને, ઊંચા અવાજે સામેની વ્યક્તિ ગભરાઈ જાય, એને ટેન્શન થઈ જાય અને એ ખોટી દિશામાં વિચારવા મંડે એવી રીતે એ માહિતી એને આપવી. આપણે હિતેચ્છુ હોઈએ, આપણા દોસ્તનું, આપણા પરિવારજનનું ભલું ઇચ્છતા હોઈએ તો સૌથી પહેલાં આપણા લેવલ પર માહિતીની ખરાઈ ચકાસી લેવી. બહેનપણીનો પતિ કોઈ છોકરી સાથે બેઠેલો દેખાય એટલે એ લફરું જ છે એમ માની લેવાને બદલે થોડી વાર એમની બૉડી લૅન્ગવેજ, વાતચીત કરવાની રીત અને હાવભાવ તપાસવાં... જરૂર પડે તો ત્યાં જઈને 'હેલ્લો' કહી દેવું. એ ચોંકી જાય, તમારાથી કશું છુપાવવાનો પ્રયાસ

કરે કે ડરી ગયેલા લાગે તો શંકા વાજબી છે... એ પછી પણ પહેલાં એમની સાથે વાત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. બહેનપણીનો પતિ કે મિત્રની પત્ની જો આવી કોઈ સ્થિતિમાં હોય અને એ પરિસ્થિતિ શંકાસ્પદ, અનિચ્છનીય લાગે તો સૌથી પહેલાં એને સમજાવવાનો પ્રયત્ન થવો જોઈએ. મિત્રનું સંતાન કંઈ ખોટું કરતું પકડાય તો પહેલું કામ એ ટીનએજર કે યુવાન સાથે વાત કરવાનું છે, નહીં કે સીધા એનાં માતા-પિતા પાસે દોડી જવાનું.

હિતેચ્છુ અને હિતશત્રુ આવા બે શબ્દો ગુજરાતી ભાષાએ આપ્યા છે... કેટલાક લોકો સાચા અર્થમાં હિતેચ્છુ હોય છે, પરંતુ એ જે કરે છે એનાથી હિત જળવાવાને બદલે પરિસ્થિતિ ગૂંચવાઈ જાય છે. માણસ તરીકે આપણે બધા જ આપણા સ્વજનનું, પ્રિયજનનું ભલું ઇચ્છીએ સ્વાભાવિક છે, પરંતુ એમાં મેચ્યોરિટી - પરિપક્વતા હોવી જોઈએ. સારું ઇચ્છવું એટલે સામેની વ્યક્તિને બધી જ માહિતી યથાતથ પૂરી પાડી દેવી એવું નહીં. પરિસ્થિતિનું સૌથી પહેલું રિપૅરિંગ આપણા લેવલ પર થવું જોઈએ. આપણા પ્રિયજન કે સ્વજનને ખબર પણ ન પડે એ રીતે જો આપણે એની પરિસ્થિતિ સુધારી શકતા હોઈએ તો એના મનમાં કારણ વગર દીવાસળી ચાંપવાનો અર્થ નથી...

સળગાવી દેવું સરળ છે. સંબંધ કે સમજણને રાખ કરી નાખવા બહુ અઘરા નથી જ. કોઈ એક વ્યક્તિનો સમગ્ર આધાર જે સંબંધ પર હોય એ સંબંધ વિશે એને કંઈ પણ કહેતાં પહેલાં આપણા લેવલ ઉપર આપણી રીતે એ વાત ફિલ્ટર થવી જોઈએ... જ્યારે એમ લાગે કે, એ વ્યક્તિને આ સમાચાર આપવા જ પડશે, એને જણાવવું જ જોઈએ તો માત્ર સમસ્યા નહીં, એની સાથે સોલ્યુશન પણ આપવું એ આપણી ફરજ છે! ક્યારેક આપણી ગેરસમજણ કે આપણો દૃષ્ટિભ્રમ કોઈકની જિંદગી નષ્ટ કરી શકે છે.

કોઈની ભીતર સમજણનો દીવો ન પ્રગટાવી શકાય તો કંઈ વાંધો નહીં, પણ એની ગોઠવેલી દુનિયાને ગૂંચવવાનો આપણને અધિકાર નથી. એના જીવનમાં અજવાળું ન કરી શકીએ તો કંઈ નહીં, પણ આગ લગાડવાની ભૂલ તો ક્યારેય ન કરવી.

# કાલી રે, ઝઘડાલી રે, નખરાલી રે, બવાલી રે... દેતી ગાલી રે!

બસસ્ટૉપ પર એક છોકરી બીજી છોકરીને કહી રહી હતી, "એ લોકો ગાળ બોલી શકે અને આપણે બોલીએ તો બધાને વાંધો! છોકરી ગાળ બોલે તો એમની પરંપરા હચમચી જાય, સંસ્કૃતિ ગૂંચવાઈ જાય... પુરુષ ગાળ બોલે તો મર્દ લાગે, મજબૂત કહેવાય, બિન્દાસ્ત કહેવાય. એ સ્ત્રીનું અપમાન કરે તો વાંધો નહીં..." એ છોકરી ખૂબ આક્રોશમાં અને ચિડાયેલી હતી. વાત પરથી સમજાયું કે, એની ઑફિસમાં કામ કરવા આવેલા એક છોકરાએ ગાળ બોલીને એની સાથે વાત કરી. વાત નાનકડી હતી પણ એ યુવાને વાપરેલી ભાષા એક સ્ત્રીની સામે વાપરવા જેવી તો નહોતી જ. ઑફિસમાં બધા જ કામ કરી રહ્યા હતા પણ કોઈએ એ છોકરાની ભાષા સામે વાંધો લીધો નહીં. બધા ચૂપચાપ કામ કરતા રહ્યા.

ગુસ્સે ભરાયેલી અને અપમાનિત થયેલી એ છોકરીએ ઑફિસના કર્મચારીઓની સામે જ્યારે પેલા છોકરાને ગાળ આપી ત્યારે આખી ઑફિસ ઊભી થઈ ગઈ. કામ કરી રહેલા પુરુષ કર્મચારીઓએ એ છોકરીને સમજાવી, "આપણે ગાળ બોલીએ તો સારા ન લાગીએ." કોઈકે વળી વડીલ થઈને કહ્યું, "આપણા સંસ્કાર દેખાય." એ છોકરી બસ-સ્ટૉપ પર ઊભી રહીને આખીયે વાત કહી રહી હતી. અપમાન અને અન્યાયને કારણે એની આંખોમાં આંસુ હતાં. એને એટલો બધો ગુસ્સો હતો કે લગભગ આખી ધ્રૂજી રહી હતી.

છોકરીનો મુદ્દો ખોટો નહોતો. ગાળ બોલવી એ ગુનો હોય તો બંને માટે છે. સંસ્કાર દેખાય તો બંનેના દેખાય. અપશબ્દો

વાપરવાથી જો સંસ્કૃતિને બટ્ટો લાગે તો એમાં સ્ત્રી-પુરુષનો ભેદ ન હોવો જોઈએ. પરંતુ આ સમાજ સ્ત્રી અને પુરુષ માટે સદીઓથી જુદા નિયમો પાળે છે. આપણે કેટલીયે વાર કહેવત સાંભળી છે, "તાંબાનો લોટો... ઘસો એટલે ઊજળો." અથવા તો પુરુષ માટે જે નિયમો બનાવવામાં આવ્યા છે એ નિયમો ઉછેર, શિક્ષણ, લગ્ન કે સ્વમાન સુધી સાવ નોખા નિયમો છે. સ્ત્રી માટેના નિયમો પ્રમાણમાં વધુ કડક અને સંકુચિત માનસના નિયમો છે. સંસ્કૃતિની જાળવણી કે પરંપરાના વહનનો ભાગ સ્ત્રીના નાજુક ખભા પર એટલે ગોઠવી દેવામાં આવ્યો છે જેથી એ ધૂંસરી નીચે દબાયેલી સ્ત્રી ઝાઝી સ્વતંત્રતા માગી ન શકે. આ સંસ્કૃતિ, પરંપરા, સંસ્કાર અને સભ્યતા જેવા શબ્દો ધીમે ધીમે સ્ત્રીના મગજમાં એટલી અદ્‌ભુત રીતે ભરી દેવામાં આવ્યા છે, અને એનું મગજ એટલું ફુલ કરી દેવામાં આવ્યું છે કે, એ શબ્દોની જગ્યાએ સ્વમાન, સ્વતંત્રતા, સવાલ કે સત્ય જેવા શબ્દો ઘૂસી જ શકે નહીં!

નવી પેઢીની છોકરીઓ, એંસીના દાયકા પછી જન્મેલી દીકરીઓ તદ્દન સ્વાભાવિકતાથી ગાળ બોલે છે. એના પુરુષમિત્રોને ગુસ્સામાં જ નહીં, દોસ્તીમાં પણ ગાળો આપે છે. કેટલીક જગ્યાએ તો ગાળો બોલવી એ ફૅશન છે. ગાળો નહીં બોલતી કે સંસ્કૃતિ, સભ્યતાનો દુપટ્ટો ઓઢીને ચૂપ રહેતી છોકરીઓને એની પીઠ પાછળ તો ક્યારેક સામે પણ, 'બહેનજી... માતાજી' કહીને એમની મજાક ઉડાવવામાં આવે છે. પેઢી બદલાઈ છે, સમય બદલાયો છે... સ્ત્રીની સ્વતંત્રતા અને એના સ્વમાનની વ્યાખ્યાઓ બદલાઈ છે. આજથી થોડાં વર્ષો પહેલાં ટ્રેનમાં કે બસમાં પ્રવાસ કરી રહેલા સહપ્રવાસીમાંથી કોઈ ગાળ બોલે તો સાથે બેઠેલા બીજા લોકો એને ટોકી-ટપારીને સ્ત્રીઓની હાજરી વિશે સભાન કરી ગાળ નહીં બોલવાની સૂચના આપતા. કાઠિયાવાડમાં મૂઆ, રોયા, પીટિયા, દિયોર કે ગામનો ઉતાર જેવા શબ્દોનો ઉપયોગ વહાલ અને લાડમાં પણ કરવામાં આવતો. સુરત તો ગાળ માટે વિખ્યાત છે. એવી જ રીતે કચ્છમાં પણ, કેટલીક ગાળોનો ઉપયોગ સાવ સહજતાથી કરવામાં આવતો હતો. સુરતની શાકવાળી કે દાતણવાળી સાવ સહજતાથી ભાવતાલ કરતાં ઘરાકને ગાળ દઈ દે એમાં કોઈ શેહ-શરમ કે કોઈ મોટો ઇસ્યૂ બનાવવાની કોઈનેય જરૂર નહોતી લાગતી. એવી જ રીતે કાઠિયાવાડમાં ભાભી કે મા મસ્તી-મજાક કરતા દીકરાને, દિયરને મૂઆ કે રોયા કહી દે તો એમાં કંઈ 'ગાળ' જેવું લાગતું જ નહીં. કારણ કે આ સહજતા હતી. ભાષા સાથે જોડાયેલી સ્વાભાવિકતા. સમજણ ભાવની હતી. શબ્દો તો માત્ર અભિવ્યક્તિ પૂરતા જ હતા!

ઉર્દૂમાં પણ ગાળની એક તહેઝિબ છે. મોમિન ખાં મોમિન અને અસદઉલ્લા ખાં ગાલિબ વચ્ચે એક ચર્ચાપત્રનું યુદ્ધ ચાલતું હતું. બંને જણા એકબીજાની વિરુદ્ધ ચર્ચાપત્રો લખતા. એકબીજાની ગઝલ, કવિત્વ અને અંગત ટેવો વિશે પણ

આ ચર્ચાપત્રોમાં કૉમેન્ટ કરવામાં આવતી. વાચકો અત્યંત રસથી આ ચર્ચાપત્રો વાંચતા. (આજના ફિલ્મ કલાકારોની ગૉસિપ જેવું જ?) એમાં એક દિવસ મોમિન ખાં મોમિને ગાલિબને માની ગાળ લખી નાખી. ગાલિબે જવાબ આપવાનું બંધ કર્યું. મોમિન ખાંએ એક-બે વખત ચર્ચાપત્ર લખ્યા પણ જવાબ નહીં મળતાં તેમની મજા તૂટી ગઈ એટલે એમણે પણ ચર્ચાપત્રો લખવાના બંધ કરી દીધા. કોઈકે ગાલિબને પૂછ્યું કે આટલી મોટી ગાળ આપ્યા છતાં તમે કેમ એમને જવાબ ન આપ્યો? ત્યારે ગાલિબે કહ્યું, ઉર્દૂ અદબમાં ગાળ પણ એક તહેઝિબ છે, સંસ્કૃતિ છે. જુવાન છોકરાને માની ગાળ આપો એ બરોબર કારણ કે, એને એ ગાળ લાગે. યુવાન પુરુષને બહેન કે પત્નીની ગાળ આપો એ બરોબર કારણ કે, એને પણ એ ગાળ લાગે. અને બૂઢા માણસને દીકરીની ગાળ આપો એ બરોબર કારણ કે, એને પણ એ ગાળ લાગે. મોમિન ખાંને તો ગાળની જ તહેઝિબ નથી. એણે મને માની ગાળ આપી. મારી મા તો બૂઢી છે એને વળી આવી ગાળની શી અસર થાય? જેને ગાળ આપવાની પણ તહેઝિબ નથી એની સાથે વળી યુદ્ધ શું કરવાનું?

વાત તો સાચી છે. જે યુવાન છોકરો આ છોકરીની સામે ગાળ બોલ્યો એને એટલી પણ ખબર નથી કે, પુરુષોને અપાતી ગાળ સ્ત્રીને આપવાનો કોઈ ફાયદો નથી. સ્ત્રી પોતાની મા, બહેન કે દીકરીને કંઈ કરી શકે નહીં! એટલે એને આવી ગાળ આપવાનો કોઈ 'તર્ક' બનતો નથી. તેમ છતાં, જે માણસ ઑફિસના કર્મચારીઓની હાજરીમાં અપશબ્દો બોલી શકે છે, અને એ પણ સ્ત્રીને ગાળ દઈ શકે છે એ માણસે પોતાની છૂટી જીભને સહેજ કંટ્રોલમાં લેવી તો જોઈએ. ગુજરાતી ભાષામાં જીભ માટે એક શબ્દપ્રયોગ 'લૂલી' પણ છે. આ લૂલી જ્યારે છૂટી થઈ જાય ત્યારે એને વશમાં કરવી જરૂરી તો છે જ.

બીજી મહત્ત્વની વાત, છોકરી ગાળ બોલી શકે, બોલે... એમાં કંઈ ખોટું નથી. નેટ ઉપર કેટલાક 'રોસ્ટ'ના એપિસોડ જોયા હોય તો સમજાય કે, 'બાજીરાવ'માં સંસ્કારી દેખાતી, 'પદ્માવત'માં રાજપૂતાણીનું ગૌરવ જેના ચહેરા પર ઝળકે છે એવી દીપિકા, આલિયા કે બીજી કેટલીય છોકરીઓ કેવી અને કેટલી ગાળ બોલી શકે છે! સવાલ એ નથી કે છોકરીએ ગાળ બોલવી જોઈએ કે નહીં. સવાલ એ પણ નથી કે સ્ત્રી ગાળ બોલશે તો સંસ્કૃતિમાં લોચા થશે... સવાલ એ છે કે, એક મા જે સંતાનને ઉછેરવાની છે અથવા એક સ્ત્રી જે ઘરની ગૃહલક્ષ્મી છે, જેની પાસે પરિવારની બાગડોર છે એ સ્ત્રી એની કોમળતા, એનું સૌંદર્ય, એની ઋજુતાને નેવે મૂકીને ગાળાગાળ કરે તો સારી લાગે? પુરુષ આદિમ છે, શિકારી છે, ફૂડ ચેઇઝર છે... દાઢી, મૂછ, છાતી પરના વાળ એ પુરુષની આદિમ હોવાની

નિશાનીઓના પુરાવા છે. અર્થ એ થયો કે, એક આદિમ પ્રકૃતિનો જીવ કદાચ એની પ્રકૃતિ મુજબ વર્તે તો એમાં બહુ દુઃખી થવા જેવું કે મુદ્દો બનાવવા જેવું કંઈ નથી, પરંતુ એક ઋજુ, કોમળ, સુંદર અને સર્જનાત્મક વ્યક્તિત્વ ધરાવતો જીવ જંગલીની જેમ વર્તે કે અમુક ભાષાનો પ્રયોગ કરે તો એ એને શોભે નહીં, પરંતુ આનો નિર્ણય એણે જાતે જ કરવો પડે. આમાં કોઈ નિયમો ન હોઈ શકે. વ્યક્તિએ કેવું જીવવું અને એના મૉરલ શું હોઈ શકે એ વિશેનો નિર્ણય તો વ્યક્તિને જાતે જ કરવા દેવો પડે.

સ્ત્રી ગાળ બોલવા માગે છે તો બોલે. એને પોતાની સામે કોઈ ગાળ બોલે એ નથી ગમતું તો પુરુષે પણ એ સૌજન્ય અને શાલીનતા સાચવવાં જ પડે.

આ લેખનું તાત્પર્ય એ નથી કે, સ્ત્રીએ ગાળ બોલવી જોઈએ અથવા ગાળ બોલતી સ્ત્રી બહુ સુંદર કે મૉડર્ન લાગે છે, પરંતુ ગાળ બોલતી સ્ત્રી જેટલી ભૂંડી કે અસંસ્કારી લાગે છે એટલો જ અસંસ્કારી, ભૂંડો કે ખરાબ પુરુષ પણ લાગે છે. એટલે ગાળ જો ગુસ્સાની, આક્રોશની અભિવ્યક્તિ હોય તો એ અધિકાર બંનેને મળવો જોઈએ અથવા સંસ્કાર અને સારી ભાષાના ઉપયોગનો નિયમ બંને માટે એકસરખો જ હોવો જોઈએ.